C.C.NO.28059-2024

## આંક–૧ લગત હુકમ

આ કામના આરોપી સામે **ઈ.પી.કો.કલમ–૧૮૮** મુજબનો ગુનો નોંધાતા આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં આવતા આરોપીને સમન્સની બજવણી કરવામાં આવેલ અને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

આરોપી સામે ઉપર જણાવ્યા મુજબના ગુનાનો આરોપ છે. આરોપી આજરોજ ના.કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપીને ગુના બાબતે પુછતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનાનો ઈકરાર કરેલો છે. આરોપી આ કેસની શરૂઆતના તબકકે સ્વૈચ્છિક રીતે કોઈપણ જાતના દબાણ સિવાય ગુનો કબુલ કરે છે અને ગુના બદલ પસ્તાવો જાહેર કરતો હોય અને ભવિષ્યમાં આવો ગુનો નહીં કરે તેમ જણાવી પોતાની ઉપર દયા બતાવવા કોર્ટને અરજ કરેલી છે ત્યારે આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાત અને આરોપીના સંજોગોને ધ્યાનમાં રાખી દયા બતાવી ન્યાયના હીતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

## હુ ક મ

આરોપીને સી.આર.પી.સી.ક.૨૫૨ અન્વયે **ઈ.પી.કો.કલમ–૧૮૮** મુજબના શિક્ષાને પાત્ર ગુનાના કામે તકસીરવાર ઠરાવી રૂા. ૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા ) દંડની શિક્ષા કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૨(બે) ની સાદી કેદની શિક્ષા ભોગવવાની રહેશે.

હુકમ આજ તા. ૦૯/૦૩/૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૪
અમદાવાદ.

( શકિતસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ )
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૫,અમદાવાદ.
કોડ નં.જી.જે.૦૦૮૮૫